# સાધન અને સાધ્યરૂપા ભક્તિયોગઃ મહાભારત અને ભાગવતના સંદર્ભે

ડૉ. હેમા એલ. સોલંકી
સંસ્કૃત વિભાગ,
એન.એસ.પટેલઆર્ટ્સ કોલેજ,
આણંદ

સંસારનો દરેક મનુષ્ય આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક એવાં ત્રિવિધ દુઃખોથી પીડાય છે. આ દુઃખોથી મુક્તિ માટે મનુષ્ય આધ્યાત્મના માર્ગે પ્રભુના શરણમાં પ્રયાણ કરે છે. ભારતીય આધ્યાત્મિક સાધનાના ક્ષેત્રમાં આ દુઃખોથી મુક્ત થઇ નિઃશ્રેયસ પ્રાપ્ત કરવા માટેના ત્રણ સાધનો મુખ્ય માનવામાં આવ્યા છે. કર્મ, જ્ઞાન અને ભક્તિ. મનુષ્ય પોતાની રુચિ અનુસાર આ ત્રણમાંથી એકને અથવા ત્રણેયનો સમન્વય સાધી પ્રભુપરાયણ થઇ મોક્ષની કામના કરે છે. પ્રભુપ્રાપ્તિના આ માર્ગ પર ગમન કરી મુક્તિ પ્રાપ્ત કરવા માટેના મનુષ્યના પથદર્શક આપણા આધ્યાત્મિક ગ્રન્થો છે. જેમાં વેદ, ઉપનિષદ્, વિવિધ દર્શનો, રામાયણ, મહાભારત તથા પુરાણો.

આ સાથે આપણી દાર્શનિક પરંપરામાં મનુષ્યના જીવનના ઉપકારક એવા પ્રસ્થાનત્રયીનું વિશેષ મહત્વ છે. જેમાં બ્રહ્મસૂત્ર, ઉપનિષદ્ તથા મહર્ષિ વેદવ્યાસ રચિત મહાભારત અંતર્ગત શ્રીમદ્ભગવદ્ગીતાનો સમાવેશ થાય છે. પ્રસ્થાનત્રયી અને તેના પર રચાયેલા ભાષ્યોમાં મનુષ્ય માટે શ્રદ્ધા, જ્ઞાન અને યોગ દ્વારા મોક્ષ પ્રાપ્તિનું નિરુપણ છે. એમાં પણ શ્રીમદ્ભગવદ્ગીતાએ મનુષ્યના જીવન પર એટલી ગહેરી અસર કરી કે મહાભારતનો એક ભાગ હોવા છતાં તેને સ્વતંત્ર ગ્રન્થનું સ્થાન પ્રાપ્ત થયું.

શ્રીમદ્ભગવદ્ગીતા મુખ્ય રીતે તો કર્મ, ભક્તિ અને જ્ઞાનનો સંયોગ સાધે છે. પરંતુ રામાનુજ, વલ્લભ, નિમ્બકાચાર્ય જેવા ભાષ્યકારો તથા મધુસુદન સરસ્વતી જેવાં ટીકાકારો તો તેને શુદ્ધ રીતે ઉપાસનાના એટલે કે ભક્તિનાં જ ગ્રન્થ તરીકે પ્રસ્થાપિત કરે છે. કહેવાય છે કે વેદવ્યાસે ભક્તિની મહત્તા ગીતામાં તો દર્શાવી, પરંતુ તેનાથી તેમને સંતોષ ન થતાં ફક્ત ભક્તિતત્વનાં નિરુપણ માટે જ તેઓએ શ્રીમદ્ભાગવતની રચના કરી.

ઉપનિષદોની ઉપાસનાનાથી ઉદ્ભવેલો શ્રીમદ્ભગવદ્ગીતાનો ભક્તયોગ ભાગવત સ્વરૂપે જ વિસ્તાર પામ્યો. આમ ગીતા અને ભાગવતમાં શ્રીકૃષ્ણએ પોતાના મુખે વહાવેલા ભક્તિરસનું પાન કરાવવાનો આ શોધપત્રનો ઉપક્રમ છે.

भक्ति શબ્દ भज् - સેવાયામ્ ધાતુને क्तिन् પ્રત્યય લાગીને બન્યો. જેનો અર્થ સેવા કરવી એવો થાય. અનન્ય ભાવે પરમાત્મામાં પ્રીતિ એટલે ભક્તિ. ગીતામાં જ્ઞાન, કર્મ અને ભક્તિને મોક્ષપ્રાપ્તિના મુખ્ય સાધન માનવામાં આવ્યા છે. પરંતુ ભાગવતતો ભક્તિને જ મુક્તિ માટેનું પ્રધાન સાધન માને છે. ભાગવતનો પ્રારંભ જ ભક્તિના માહાત્મ્યથી થયો.

ભાગવતનો પ્રારંભ ભક્તિના નિવેદનથી થયો છે. પોતાના જ્ઞાન અને વૈરાગ્ય નામના ઘરડા થઇ ગયેલા પુત્રો સાથે દુઃખી થયેલી ભક્તિને નારદજી તેનો જ મહિમા જણાવે છે. તથા કળિયુગમાં મુક્તિના સાધન તરીકે તેને પ્રસ્થાપિત કરે છે.

सत्यादित्रियुगे बोधवैराग्यौ मुक्तिसाधकौ।

फलौ तु केवला भक्तिब्रहमसायुज्यकारिणी।।

અર્થાત્ "સત્ય, ત્રેતા અને દ્વાપર આ ત્રણેય યુગોમાં તો જ્ઞાન અને વૈરાગ્ય મુક્તિના સાધન હતા, પરંતુ કળિયુગમાં તો કેવળ ભક્તિ જ બ્રહ્મસાયુજ્યની પ્રાપ્તિ કરાવનારી છે.[1]

ગીતા તથા ભાગવતમાં આ ભક્તિને બે રીતે વર્ણવવામાં આવી છે. સાધનરૂપા અને સાધ્યરૂપા, ગીતામાં તેને 'રાજવિદ્યારાજગૃહ્ય' તરીકે ઓળખાવી. જ્ઞાન સહિત ભક્તિને જ ઇષ્ટ ભક્તિ તરીકે વર્ણવી છે. શ્રીકૃષ્ણ ગીતા અને ભાગવતના માધ્યમથી ભક્તને સાધનરૂપા ભક્તિથી સાધ્યરૂપા ભક્તિ તરફ પ્રેરે છે. પરંતુ તેની પ્રથમ શરત છે. પ્રભુની શરણાગતિ.

કૃષ્ણને શરણે આવેલો અર્જુન કહે છે,

कार्पुण्यदोषोपहशाधिस्वभावः पृष्ठामि त्वां धर्मसंमूढचेताः।

यच्छ्रेयः स्यान्निश्चित बूहि तन्मे शष्यस्तेडहं शाधि मां त्वं प्रपन्नम् ।।

હું આપના શરણે  આવેલો આપનો શિષ્ય છું આપ મને ઉપદેશ આપો.[2]

---

[1] શ્રીમદ્ભાગવત-માહત્મ્ય-અધ્યાય-2-4

શરણાગતિ એ જ ભક્તિનું પ્રથમ સોપાન છે. ભગવાન અર્જુનને કહે છે કે તું સર્વસ્વ મને અર્પણ કર.

यत्करोषि यदश्नासि यञ्जुहोषि ददासि यत्।
यत्ततपस्यसि कौन्तेय तत्कुरुष्व मदर्पणम्।।

હે કૌન્તેય જે કરે છે, જે જમે છે, જે હોમે છે, જે દાન કરે છે, જે તપ કરે છે, તે (સર્વ) મને અર્પણ કર.[3]

ભક્તિમાં ભગવાન અર્પણ કરેલી વસ્તુઓને જ નહિ પણ ભાવને જૂએ છે. તેઓ કહે છે, "જે કોઇ મને પ્રેમ ભક્તિ વડે પત્ર, પુષ્પ, ફળ કે જળ (જે કાંઇ) આપે છે. તે (હું) નિષ્કામ ભક્તના ભાવપૂર્વક અર્પણ કરેલાનો સ્વીકાર કરું છું.[4]

રામાનુજ સમ્પ્રદાયમાં આ પ્રકારની શરણાગતિ એટલે કે ભક્તિ (મર્કટ ભક્તિ), પ્રપત્તિ (માર્જાર ભક્તિ) તરીકે ઓળખાવી છે. ઇશ્વર પ્રત્યેની સંપૂર્ણ શરણાગતિતે પ્રપત્તિ. ત્યારે જ ભગવાન અને ભક્તનું તાદાત્મ્ય સધાય છે.

પ્રિયકાન્ત મણિયારના આ રાધા-કૃષ્ણના કાવ્યમાં તાદાત્મ્યનો નમૂનો પ્રતિબિંબત થાય છે.

આ નભ ઝૂક્યું તે કાનજીને ચાંદની તે રાધા રે,
અહીં થી શરૂ કરીને,
આ લોચન મારા કાનજીને નજરૂં જૂએ તે રાધારે,

આ પ્રકારનું તાદાત્મ્ય સાધવાં શરણે આવેલા ભક્તને કૃષ્ણ સૌ પ્રથમ સાધન ભક્તિ માટેના સાધનો જણાવે છે.

"દૃઢ નિશ્ચયવાળા મારા ભક્તો સતત મારૂં કીર્તન કરતા, પ્રયત્ન કરતા મને વારંવાર પ્રણામ કરતા નિરંતર ધ્યાનમાં જોડાયેલા, ભક્તિ વડે મને ભજે છે."[5]

---

[2] ભગવદ્ગીતા-2-7

[3] એજન-2-7

[4] એજન-9-26

[5] सततं कीर्तयन्तो मां यातन्तश्र्च दृढव्रताः।

શ્રીમદ્ભાગવતમાં પ્રહલાદજીએ ભગવાન વિષ્ણુની આ પ્રકારની ભક્તિ કરવા માટેના નવ સાધનો વર્ણવ્યા છે. 1. શ્રવણ 2. કીર્તન 3. સ્મરણ 4. પાદસેવન 5. અર્ચન 6. વન્દન 7. દાસ્ય 8. સખ્ય 9. આત્મનિવેદન.[6] આ પ્રકારની ભક્તિને નવધા ભક્તિ કહેવામાં આવી છે જેને વૈધી ભક્તિ તરીકે પણ ઓળખવામાં આવે છે.

આ સાધનો દ્વારા ભક્તિ કરતા કરતા ભક્તને પોતાનામાં રત થવાનું કૃષ્ણ આહ્વાહ્ન આપે છે.

मन्मना भव मद्भक्तो मजीश्रीमां नमस्कुरु।

मामेवैष्यसि युक्त्वैवमात्मानं मत्परायणः।।

"મારામાં ચિત્ત રાખનારો, મારો ભક્ત, મારું પૂજન કરનારો થા, મને નમસ્કાર કર, આ પ્રમાણે ચિત્તને એકાગ્ર કરીને પ્રભુપરાય થઇ (તું) મને પામીશ."[7]

આમ ભગવાનને પ્રાપ્ત કરી ભક્તનું પ્રભુપરાયણ બની જવું તે જ સાધ્યરૂપા ભક્તિ. આ સાધ્યરૂપા ભક્તિ જ ફલરૂપા તથા પ્રેમમયી પણ છે. નારદે પોતાના ભક્તિસૂત્રમાં આ ભક્તિનું નિરુપણ કરતા કહ્યું.

सा तस्मिन् प्रेमरूपा।[8]

ભક્તનો ભગવાન પ્રત્યેનો અનન્ય પ્રેમ જેવો ગોપીનો કૃષ્ણ માટેનો પ્રેમ. પોતાની દરેક ચિત્તવૃત્તિઓ ને અનન્ય ભાવે ભગવાનમાં લીન કરવી, ઇહલોક તતા પરલોકના સમગ્ર તત્વોની સાથે મોક્ષમાંતી પણ ચિત્તની નિવૃત્તિ તે સાધ્યરૂપા ભક્તિ.

આ પ્રકારની ભક્તિને નારદ અમૃતસ્વરૂપા પણ કહે છે.[9]

આ જ ભક્તિનું આલેખન શ્રીમદ્ભાગવતમાં શ્રી કૃષ્ણ ગોપી સમક્ષ કરતાં કહે છે.

મારી ભક્તિ દ્વારા જ લોકો અમૃતત્વની પ્રાપ્તિ કરે છે.[10]

---

नमस्यन्तश्च मां भक्त्या नित्ययुक्ता उपासते।। भ.गी. 9-14

[6] श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम्।
अर्चनं वन्दनं दास्यं सख्यमात्मनिवेदनम्।।श्रीमद् भा. 7-5-23।।

[7] श्रीमद्भगवद्गीता-9-34

[8] नारदभक्तिसूत्र-2

[9] अमृतस्वरूपा च- એજન-2

ભક્ત કવિ નરસિંહ મહેતા પણ ભક્તિના આ જ ભાવને રજૂ કરે છે,

હરિના જન તો મુક્તિ ન જાચે, જાચે જનમોજનમ અવતાર રે,

નિત્ય સેવા, નિત્ય કિર્તન-ઓચ્છવ, નિરખવા નંદકુમાર રે.

આવી જ પ્રેમસ્વરૂપા નિરપેક્ષ ભક્તિની વાતને શ્રીકૃષ્ણે ભગવદ્ગીતાના 12માં અધ્યાયમાં તથા ભાગવતના સ્કન્ધ-11ના 14માં અધ્યાયમાં ભક્તિયોગ દ્વારા નિરૂપી છે.

ભાગવતમાં ઉદ્ધવજી શ્રીકૃષ્ણને પ્રશ્ન કરે છે

હે પ્રભુ, સંસારમાં બ્રહ્મવાદી મહાત્માઓએ મનુષ્યને પોતાના કલ્યણ માટે જુદા-જુદા સાધનો નિર્દિષ્ટ કર્યા છે. જેમાં ધ્યાન, યોગ, ભક્તિ, કર્મ, સાંખ્ય વગેરેનો સમાવેશ થાય છે. તો તેમાં મુખ્ય માર્ગ કયો છે?[11]

આપે ભક્તિયોગને નિરપેક્ષ અને સ્વતંત્ર સાધના કહ્યો છે, આપે કહ્યું કે ભક્તિ દ્વારા બધા પ્રકારની આસક્તિ મટી જાય છે. અને મન આપની સાથે જોડાઇને એકાકાર થઇ જાય છે.[12]

ઉદ્ધવજીના પ્રશ્નનો ઉત્તર આપતા શ્રીકૃષ્ણ 14માં અધ્યાયમાં તેમની સમક્ષ ભક્તિનું વર્ણન કરતા કહે છે,

"મારા સ્વરૂપમાં વિકસેલી મારી ભક્તિ મને જેટલા પ્રમાણમાં પોતાનો બનાવે છે તેટલા પ્રમાણમાં યોગશક્તિ, સાંખ્ય, તત્વજ્ઞાન, વૈદિકધર્મ, વેદાભ્યાસ, તપસ્યા કે ત્યાગ મને પોતાનો બનાવી શકતા નથી."[13]

કૃષ્ણએ સર્વદર્શન કે વેદાભ્યાસ તપસ્યા કે ત્યાગ એ બધાં કરતાં પોતાની ભક્તિને સર્વશ્રેષ્ઠ દર્શાવી છે. કર્મ અને જ્ઞાન કરતા પણ ભક્તિ માત્ર સર્વ માટે મોક્ષ પ્રાપ્તિનું ઉત્તમ સાધન તો છે. પરંતુ સાધ્ય પણ છે. એ વાતને તેઓએ આ ભક્તિયોગમાં સિદ્ધ કરી છે.

શ્રીકૃષ્ણ ઉદ્ધવ-સમક્ષ ભક્તિનું લોહસાહીકરણ કરતા કહે છે કે,

---

[10] मयिभक्तिर्हिभूतानाममृत्वायकल्प-भागवत-10-83-45

[11] ભાગવત-11-14-1

[12] એજન-11-14-2

[13] એજન-11-14-20

હું સંતોને પ્રિય છું, તેમનો આત્મા છું એકમાત્ર શ્રદ્ધા ભક્તિથી જ હું તેમને પ્રાપ્ત થાઉ છું. (પરંતુ) જો કોઇ જન્મથી જ ચાંડાળ હોય તો પણ મારી ભક્તિથી તે શુદ્ધ પવિત્ર થઇ જાય છે.[14]

ગીતાના ભક્તિયોગમાં પણ આ જ વાતને અર્જુન સમક્ષ મૂકે છે.

"હું ભગવાનનો અને ભગવાન મારા" એ માની દુરાચારી પણ ભગવાનને ભજે છે, તો તે સાધુ છે. એમ માનવા યોગ્ય છે. કારણ કે તે જ યથાર્થ નિશ્ચય વાળો છે.[15]

मां हि पार्थ व्यपाश्रित्य येडपि स्युः पापयोनयः।

स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेडपि यान्ति परां गतिम्।।

"હે અર્જુન સ્ત્રીઓ વૈશ્યો, શૂદ્રો તેમજ કોઇ પાપયોનિમાં જન્મેલા હોય તેવા પણ મને ભજી પરમ ગતિને પામે છે.[16]

ભગવાન અર્જુનને કહે છે કે, ઠસર્વ પ્રાણીઓમાં હું સમભાવે રહેલું છું મને કોઇ અપ્રિય નથી કે પ્રિય નથી. પરંતુ જે મને પ્રેમપૂર્વક ભજે છે તેઓ મારામાં અને હું પણ તેઓમાં જ છું.[17]

કૃષ્ણ અર્જુન અને ઉદ્ધવને કહે છે કે પોતે ભક્તિથી જ વસ થાય છે. ભક્તિથી પ્રભુ સરળતાથી ભક્તમય બની જાય છે. ભક્તિ દ્વારા કૃષ્ણ દરેકને પ્રાપ્ય છે. તેના થકી જ ભક્ત પ્રભુમય અને પ્રભુ ભક્તમય બને છે. અહીં જ્ઞાન અને કર્મ કરતા ભક્તિને પ્રભુને પ્રાપ્ત કરવાનું સરળ સાધન માની છે.

અર્જુન શ્રીકૃષ્ણને પ્રશ્ન કરે છે,

एवं सततयुक्ता ये भक्तास्त्वां पर्युपासते।

ये चाप्यक्षरमव्यक्तं तेषा के योगतितमाः।।

"આપના નિરંતર ધ્યાનમાં રહેનારા જે ભક્તો આપને સર્વભાવે ઉપાસે છે. તથા જે કોઇ નિરાકાર પરબ્રહ્મ સ્વરૂપને ઉપાસે છે તે બન્ને ભક્તોમાં ઉત્તમ યોગવેત્તા કોને માનવો?"[18]

---

14 એજન- 11-14-21

15 શ્રીમદભગવદગીતા-9-30

16 એજન-9-32

17 એજન-9-29

18 એજન-12-1

અર્જુનના કરતા પ્રશ્નનો ઉત્તર આપતા તેઓ પોતાના જ્ઞાની ભક્તનું નિરુપણ કરતા ભગવદ્ભક્તના લક્ષણો અર્જુન સમક્ષ વર્ણવે છે.

"મનને મારામાં એકાગ્ર કરીને નિત્ય પરાયણ જે (ભક્તો) પરમ શ્રદ્ધા વડે યુક્ત થઇને મને ભજે છે તેઓ અતિ ઉત્તમ યોગીઓ મારા માનેલા છે."[19]

ભક્તના ઉદ્ધારની આ જ વાત કૃષ્ણએ ઉદ્ધવને પણ સમજાવી, "હે મહાત્મા ઉદ્ધવ ! જેણે પોતાને સર્વ પ્રકારે સમર્પિત કરી દીધો છે, જે બધી રીતે નિરપેક્ષ હોવાથી મારી સાથે જ રમણ કરે છે. ત્યારે તેને જે સુખ મળે છે તે વિષયી જીવોને કઇ રીતે? [20]

નારદે આ પ્રકારની ભક્તિને જ નિષ્કામી ભક્તિ કહી છે. કારણ કે આજ ભક્તિ નિરોધરૂપા છે.[21]

ભગવદ્ગીતામાં કૃષ્ણ અર્જુન સમક્ષ આવા જ ભગવદ્ભક્તના લક્ષણો રજૂ કરી તેમના પ્રત્યેની પોતાની પ્રીતિ પ્રગટ કરે છે.

કૃષ્ણ ઉદ્ધવ અને અર્જુન સમક્ષ જે સાધ્યરુપા ભક્તિનું વર્ણન કરે છે તેમાં રત આ ભગવદ્ભક્ત, એટલે કે તેમના સાધક કેવા છે તેનું વર્ણન કરતા કૃષ્ણ કહે છે.

न पारमेष्ठयं न महेन्द्रधिष्णयं, न सार्वभौमं न रसाधिपत्यम्।

न योगसिद्धीरपुनर्भवं वा मय्यर्पितात्मेच्छति मद् विनाऽन्यत्।।

ભગવાનનો આવો સંતોષી ભક્ત બ્રહ્માની પદવી કે ઇન્દ્રના સ્વર્ગનું આધિપત્ય, સમસ્ત પૃથ્વીનું કે ચાહે રસાતળનું રાજ્ય મળે એવી કોઇ ઇચ્છા કરતો નથી તેને યોગસિદ્ધિની કે મોક્ષની પણ ઇચ્છા ઉત્પન્ન થતી નથી. તે પ્રભુને જ સંપૂર્ણ પણે સમર્પિત થઇ જાય છે. કૃષ્ણ સિવાય બીજા કોઇની ઇચ્છા કરતો નથી.[22]

કૃષ્ણ માટેની ગોપીની ભક્તિને પણ આ જ સ્વરૂપમાં મૂકી છે.

આવી વિશુદ્ધ ભક્તિથી પવિત્ર થેયલા ભક્તને તેઓ સુવર્ણની ઉપમા આપતા કહે છે,

---

[19] એજન-12-2

[20] શ્રીમદભાગવત-14-11

[21] सा न कामयमाना निरोधरूपत्वात्। भक्तिसूत्र-7

[22] શ્રીમદભાગવત-14-14

ભક્તિરુપી અગ્નિમાં તપ્ત થઇ ભક્ત સુવર્ણની જેમ દૈદીપ્યમાન થઇ, પરમાત્મામાં એકાકાર થાય છે, તાદાત્મ્ય સાધે છે. અને अहम ब्रह्मास्मिની અનુભૂતિ કરે છે. ભગવાનને પોતાના આવા જ ભક્ત સર્વ કરતા વધૂ પ્રિય છે. એવો સ્વિકાર તેઓ કરે છે. પ્રભુ પોતે જ આ જ્ઞાની ભક્તને સમર્પિત થઇ જાય છે, અને તેને પ્રાપ્ત કરી ધન્યતા અનુભવે છે. અહીં ભક્તિ દ્વારા ભક્ત ઇશ્વરને પરાધીન કરી લે છે, તેનાથી પણ ચઢિયાતો થાય છે કે જેથી ભગવાન ભક્તને પરાધીન બની જાય છે.

તેઓ ઉદ્ધવ સમક્ષ આ વાતનો સ્વીકાર કરતા કહે છે.

"હે ઉદ્ધવ, આવા નિરપેક્ષ તથા રાગ-દ્વેષથી રહિત ભક્તની પાછળ-પાછળ હું એવું સમજીને ફરૂં છું કે તેના ચરણોની રજ ઉડીને મારા ઉપર પડી જાય, તેથી મારામાં વસેલા બધા લોક પવિત્ર થાય.[23]

અને અંતે આ ભક્તિનું રહસ્ય ફળ દર્શાવતા કહે છે

यथा यथाऽऽत्मा परिमृज्यतेऽसौ मत्पुण्यगाथाश्रवणाभिधानैः।

तथा तथा पश्यति वस्तु सूक्ष्मं चक्षुयर्थैवाञ्जनसम्प्रयुक्तम्।।

મારી પવિત્ર લીલા-કથાઓના શ્રવણ-કીર્તનથી જેમ-જેમ ચિત્તનો મેલ ધોવાતો જાય છે, તેમ-તેમ તેને સૂક્ષ્મવસ્તુનાં વાસ્તવિક તત્વનાં દર્શન થવા લાગે છે.[24]

આમ ઉપનિષદ્ની ઉપાસનાથી શરૂ થયેલી ભક્તિના બીજ શ્રીમદ્ભગવદ્ગીતામાં રોપાયા જેમાં કર્મ અને જ્ઞાનની સાથે ભક્તિને શ્રીકૃષ્ણએ મૂકી આ જ ભક્તિનો વિસ્તાર તેઓએ સમગ્ર ભાગવતમાં કરી જાણે કે સમગ્ર ભાગવતને જ ભક્તિયોગમાં પરિવર્તિત કર્યો હોય તેમ લાગે છે. સાધનરૂપા ભક્તિતી શરૂ થયેલી ભક્તની યાત્રા સાધ્યરૂપા ભક્તિ સુધી પહોંચે ત્યાં તો ભક્ત નિરપેક્ષ બની બીજું કાંઇ ન ઇચ્છતા ફક્ત ભગવાનને જ ઇચ્છે છે. અને ભગવાન પણ ભક્તને જ ઇચ્છે. આ ભગવાન અને ભક્તિની એકરૂપતા એ જ ભક્તિયોગની સાર્થકતા. આ પ્રેમરૂપા ભક્તિ દ્વારા પ્રભુમાં એકાકાર થતા ભક્તોમાં મીરાં, રાધા, ગોપીઓની સાથે એકતારે નરસિંહ મહેતા ગાઇ ઉઠે છે,

પ્રેમરસ પાને, તું મોરના પિચ્છધર !
તત્વનું ટૂંપણું તુચ્છ લાગે;

---

[23] એજન-14-16

[24] એજન-14-26

દૂબળા ઢોરનું ફૂશકે મન ચળે,
ચતુરધા મુક્તિ તેઓ ન માંગે.

### સંદર્ભગ્રંથો


1. શ્રીમદ્ભાગવતમહાપુરાણ. મહર્ષિ વેદવ્યાસ, દ્વિતીય ખંડ, સંપાદક- રાવલ જયેશ, ગુજરાતી અનુવાદક- દ્વારકાદાસ ભટ્ટ, ગીતાપ્રેસ, ગોરખપુર, દશમું સંસ્કરણ, સં.2061.
2. **श्रीमद्भगवद्गीता-(शांकरभाष्य-हिन्दी-अनुवादसहित) अनुवादकः गोयन्का श्रीहरिकृष्णदास, गीताप्रेस, गोरखपुर, इकतीसवाँ पुनमर्मुद्रण, सं.2061.**
3. વેદાર્થચિન્તામણિ-ભાગ-2,3, પ્રકાશકઃ સન્યાસી સ્વામી શ્રીમાધવાનન્દજી, અમદાવાદ, આવૃત્તિ-1લી, સંવત-1992, સન **1992**
4. **भक्ति-अङ्क-बत्तीसवाँ, कल्याण विशेषाङ्क, कल्याण, गीताप्रेस, गोरखपुर, द्वीतीय. संस्करण, सं.2062**
5. **पुराण-विर्मश, आचार्य-उपाध्याय बलदेव, चौखम्बा विद्याभवन, वाराणसी पुनर्मुद्रित संस्करण, 2010.**
6. **प्रेम-दर्शन-देवर्षि नारद-विरचित भक्तिसूत्र, पोद्दार हनुमानप्रसाद, गीताप्रेस गोरखपुर, तीसवाँ पुनर्मुद्रण, स. 2035.**
7. નરસિંહમેહતાનાં પદો. સંપાદકઃ રાવલ અનંતરાય, આદર્શ પ્રકાશન, અમદાવાદ, પુનર્મુદ્રણઃ1990, 1994.